**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ અને ૫૦૩ મુજબની અરજી લગત હુકમ : ફરીયાદ ટિકીટ નં.31101260007665.**

---

(૧) અરજદાર **વાસાણી હીત રાજેશકુમાર, ઉ.વ. ૨૦, રહે. શ્રી સ્વામીનારાયણ પ્રસાદી મંદીર, ભુજ–કચ્છ** ની અરજી તથા અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજો વંચાણે લીધા તથા તેઓના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા. એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

(૨) અરજદારની અરજી અનુસંધાને સંબંધીત પોલીસ ઓથોરીટીનો અભિપ્રાય તથા તે સાથેના આધારો ધ્યાને લીધા.

(૩) અરજદારની રજુઆત અનુસાર તેઓની સાથે બનેલ સાયબર ક્રાઈમના બનાવમાં અરજદારના બેંક ખાતામાંથી અરજીમાં જણાવેલ હકીકતે ઉપડી ગયેલ રકમ સંદર્ભે તેઓએ આશ્વસ્ત પ્રોજેકટમાં ફરીયાદ નોંધાવતા સાયબર ક્રાઇમ પોલીસ ધ્વારા અરજદારની અરજીમાં જણાવેલ વિગતે ફરીયાદ નોંધવામાં આવેલ અને સામાવાળાના બેંકના ખાતામાં તેઓના નાણા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૧૦૬ મુજબ ફ્રીઝ કરાયેલ, જે હાલ સુધી બેંકમાં જેમના તેમ પડી રહેલા છે અને તેઓને પરત મળેલ નથી. આ બાબતે કોઇ એફ.આઇ.આર. થયેલ નથી તેમજ તેઓને આર્થિક નુકસાન થયેલ હોઇ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ અને ૫૦૩ મુજબ હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૪) અરજીની હકીકતો તથા રજુ થયેલ રેકર્ડ જોતા અરજદાર સાયબર ક્રાઈમનો ભોગ બનેલ છે અને તેઓના ખાતામાંથી રકમનો ઉપાડ થયેલ છે. વધુમાં સંબંધીત પોલીસ ઓથોરીટીનો અભિપ્રાય વંચાણે લેતા અરજદારની અરજીની હકીકતને સમર્થન મળે છે. તેઓના અભિપ્રાય અનુસાર જે બેંક ખાતામાં અરજદારની રકમ ગયેલ છે, તે શંકાસ્પદ બેંક ખાતા બનાવટી હોવાનું જણાઇ આવે છે અને સદરહુ ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર કે અન્ય કોઇ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાદ તેઓની સમક્ષ કોઇ વાંધા તકરાર જણાવેલ નથી. તે સંજોગોમાં અરજદારની રકમ વધુ સમય ફ્રીઝ થયેલ સ્થીતીમાં રાખી મુકવામાં આવે તો અરજદારને આર્થિક નુકસાન થાય તેમ છે. સદર નાણા બેંકમાં જમા હોય, મુદામાલની ઓળખ બાબતની કોઇ તકરાર કે પ્રશ્ન ઉપસ્થીત થાય તેમ નથી. વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ ગુજરાત રાજય, ૨૦૦૩(૧) જી.એલ.એચ. પાના નં.૩૦૭ ના ચુકાદામાં પ્રસ્થાપીત સિધ્ધાંતો ધ્યાને લેતા પણ ઉપરોકત જણાવેલ કારણોસર અરજદારને સદરહુ રકમ તેમના ખાતામાં પરત અપાવવાની અરજી મંજુર કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદાર **વાસાણી હીત રાજેશકુમાર** ની હાલની અરજી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.) ની કલમ–૪૯૭ હેઠળ મંજુર કરવામાં આવે છે. અને એવો હુકમ કરવામાં આવે છે કે, અરજદારે તેમની ફ્રીઝ કરવામાં આવેલ રકમની દોઢ ગણી રકમના જાત જામીન (બોન્ડ) તથા તેટલી જ રકમના સધ્ધર જામીન પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકૃત અધિકારી સમક્ષ અરજદારે રજુ કર્યેથી નીચેની શરતોને આધીન ઉપરોકત રોકડ રકમની અરજદારના એકાઉન્ટમાં રીવર્ટ

કરવા જરુરી કાર્યવાહી કરવી. સદર રોકડ રકમ અન્યની માલિકીની નીકળશે તો આ હુકમ આપોઆપ રદ ગણાશે.

વધુમાં એવો હુકમ કરવામાં આવ છે કે અરજદાર ધ્વારા હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપ્યેથી પોલીસ અધિકારી ધ્વારા તે મતલબની જાણ તથા સદર હુકમની જાણ જે તે બેંકને કરવી તેમજ નીચે પત્રકમાં જણાવ્યા મુજબની સામાવાળા બેંકને હુકમ કરવામાં આવે છે કે, તેઓને પોલીસ અધિકારી ધ્વારા અરજદારે હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેલ હોવાની તથા સદર હુકમની જાણ મળ્યેથી દિન-૧૦ (દસ) માં નીચે પત્રકમાં જણાવેલ બેંક ખાતામાં જમા થયેલ રકમ તેઓના **કોટક મહીન્દ્રા બેંકના ખાતા નં.6848364410** માં જમા કરાવવા અને તેની જાણ અત્રેની અદાલતને તથા લગત પોલીસ સ્ટેશનને કરવી.

| સામાવાળાબેંકનું નામ | ખાતા નંબર/IFSC Code | જમા થયેલ રકમ રૂા. |
|---|---|---|
| Kotak Mahindra Bank | 4848705660 | 5,058/- |
| Utkarsh Small Finance Bank Limited | 1687018862923138 | 4,999/- |

**<u>શરતો :-</u>**

૧. અત્રેની અદાલત જયારે ફરમાવે ત્યારે અરજદારે આ નાણા અદાલત સમક્ષ રજુ કરવાના રહેશે.

૨. ઉપરોકત ખાતા ધારક વ્યકિત કે અન્ય કોઈ વ્યકિત સદર નાણા પર કલેઈમ કરે અને પોતાનો હકક/હિત પુરવાર કરે તેવા સંજોગોમાં અરજદારે સદર રકમ પરત કરવાની રહેશે.

૩. કોઈ પણ શરતનો ભંગ થયેથી હાલનો વચગાળાનો હુકમ આપોઆપ રદ ગણાશે તથા મુદામાલ ફરીથી જપ્ત થવાને પાત્ર રહેશે તથા બોન્ડ અને જામીનગીરીની રકમ પણ વસુલ કરવાને પાત્ર રહેશે.

આ હુકમની યાદી સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૮/૩/૨૦૨૬
ભુજ-કચ્છ

**(કે.સી. જોષી)**
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ભુજ-કચ્છ (જી.જે.૦૧૧૩૨)

MD